ક્રમાંકઃ એસયુટી/૧૦૨૦૧૯/૫૦/સ

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૨-૧૨-૧૯

પ્રતિ,
સર્વે અધિક્ષક ઇજનેરશ્રી,
મા.મ.વિભાગ (પંચાયત સહિત)

વિષયઃ રાષ્ટ્રીય તેમજ રાજય લેવલના કાર્યક્રમો જેવા કે ૨૬મી જાન્યુઆરી, ૧૫મી ઓગષ્ટ, ૧લી મે ગુજરાત સ્થાપના દિવસ તેમજ જાહેર ઉદ્ઘાટનો, મહોત્સવો તેમજ અન્ય સરકારી જાહેર કાર્યક્રમો માટે મંડપ, સ્ટેજ તથા આનુષાંગિક કામગીરી કરાવવાના ટેન્ડર બાબતે પૂર્વ લાયકી માપદંડો અંગે માર્ગદર્શક સૂચનાઓ.

માર્ગ અને મકાન વિભાગ દ્વારા રસ્તાના કામો, મકાનોના કામો તેમજ પુલોના કામો માટેની પૂર્વ લાયકાત અંગેના પરિપત્રો સમયાંતરે બહાર પાડવામાં આવેલ છે. રાજયમાં ૨૬મી જાન્યુઆરી, ૧૫મી ઓગષ્ટ, તેમજ ૧લી મે ગુજરાત સ્થાપના દિવસ વગેરેની ઉજવણીના કાર્યક્રમો ઉપરાંત અતિ વિશિષ્ટ મહાનુભાવો કે અન્ય મહાનુભાવોના કાર્યક્રમો તથા અન્ય વિશિષ્ટ કાર્યક્રમો વખતે સલામતી તથા પ્રોટોકોલને ધ્યાનમાં રાખી આ પ્રકારના કાર્યક્રમો માટે વિશેષ પ્રકારના મંડપ, સ્ટેજ તથા અન્ય આનુષાંગિક કામગીરી વિશિષ્ટ રીતે કરાવવાની જરૂરિયાત ઉપસ્થિત થતી હોય છે. જેમાં સરકારશ્રી દ્વારા આવા કામ કરનાર ઇજારદારશ્રીની પૂર્વલાયકી માપદંડો નકકી કરવા અત્યાર સુધી કોઇ માર્ગદર્શન ઉપલબ્ધ ન હોવાથી જેના કારણે આવા કાર્યક્રમો વખતે મંડપ, સ્ટેજ તથા આનુષાંગિક કામગીરી માટે સબંધિત કાર્યપાલક ઇજનેરશ્રી દ્વારા પૂર્વલાયકી માપદંડો ભૂતકાળના અનુભવો તથા અન્ય બાબતો ધ્યાને લઇ ટેન્ડરમાં રાખવામાં આવતા હતા. જેમાં અલગ અલગ કાર્યક્રમોમાં અલગ અલગ જિલ્લા અને વહીવટી તંત્ર દ્વારા અલગ અલગ માપદંડો ટેન્ડરમાં રાખવામાં આવતા હતા. જેના કારણે ઇજારદારોમાં ગેરસમજ તેમજ લાયકાતો માટે ક્ષમતા અંગે વિસંગતતાઓ ઊભી થતી હતી. આ બાબત ધ્યાને લઇ આવા પ્રકારના કામો માટે નીચે મુજબ પૂર્વલાયકી માપદંડો અંગે નીચે મુજબ માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવે છે.

(પાછળ)

માર્ગ અને મકાન વિભાગના ઠરાવ ક્રમાંકઃ એસએસઆર/૧૦/૨૦૧૫/૧૭/સ તા. ૨૫-૧-૧૬ની જોગવાઇઓ અનુસરવાની રહેશે. લઘુત્તમ અનુભવ અંગે નીચેની બે બાબતો અનુસરવાની રહેશે.

(૧) વાર્ષિક ટર્ન ઓવરઃ

કામની અગત્યતા તથા કામ માટે ઉપલબ્ધ સમય અને વ્યાપને ધ્યાને લઇ છેલ્લા પાંચ નાણાકીય વર્ષમાંથી કોઇપણ એક નાણાકીય વર્ષમાં કામની અંદાજીત રકમ કરતાં ઓછામાં ઓછુ બે ગણું અને વધારેમાં વધારે ચારગણું વાર્ષિક ટર્નઓવર માગી શકાશે.

(૨) સમાન પ્રકારની કામગીરીનો અનુભવઃ

છેલ્લા પાંચ નાણાકીય વર્ષમાંથી કોઇપણ એક વર્ષમાં અંદાજીત રકમના ૫૦ ટકા રકમનું સમાન પ્રકારના કાર્યક્રમનું એક કામ કરેલ હોવું જોઇએ.

ખાસ ફરજ પરના અધિકારી
માર્ગ અને મકાન વિભાગ